## ૩૦%નો એન્જલ ટેક્સ નાબૂદ પણ, તે માટેની શરતો ઘણી આકરી

# સ્ટાર્ટ-અપ્સ માટે કર રાહત છેતરામણી

(બિઝનેસ ડેસ્ક) મુંબઈ, તા.૨૮

એનડીએની સરકાર સ્ટાર્ટ અપનો ગ્રોથ ઝડપી બને એ માટે વિવિધ પગલાં લઈ રહી છે. તેમ જ પોલિસીમાં જરૂરી સુધારા કરવામાં આવી રહ્યા છે. સીબીડીટીએ તાજેતરમાં નોટિફિકેશન જારી કરીને સ્ટાર્ટ અપ પરનો એન્જલ ટેક્સ નાબૂદ કર્યો છે. યુપીએ સરકારે ૨૦૧૨ના યુનિયન બજેટમાં સ્ટાર્ટ અપ પર એન્જલ ટેક્સ લાગુ કર્યો હતો. સ્ટાર્ટ અપ પર અત્યારે ૩૦ ટકા એન્જલ ટેક્સ લાગે છે. સામાન્ય રીતે સરકાર કોઈ ટેક્સ નાબૂદ કરે તો ટેક્સ પેયરને ફાયદો થાય છે, પરંતુ આ ટેક્સ નાબૂદ કરવાથી સ્ટાર્ટ અપને નોંધપાત્ર લાભ થવાની અપેક્ષા નથી.




### સર્ટિફિકેશનને નબળો પ્રતિસાદ

સર્ટિફિકેશન માટે સ્ટાર્ટ અપ્સનો પ્રતિસાદ અત્યાર સુધીમાં અત્યંત નબળો છે. ડીઆઈપીપીના રિપોર્ટ મુજબ આ માટે માત્ર ૨૦૦ અરજી આવી છે એમાંથી ૩૦ અરજીઓ અલગ તારવવામાં આવી હતી અને માત્ર એક કંપની હૈદરાબાદ સ્થિત સિગની એનર્જીને મંજૂરી આપવામાં આવી છે. જોકે, ગયા સપ્તાહે DIPPએ એવી જાહેરાત કરી હતી કે ૮૮ કંપનીઓએ સ્ટાર્ટ અપ્સનું સર્ટિફિકેટ મેળવ્યું છે. નાસ્કોમનો અંદાજ છે કે ભારતમાં અત્યારે કુલ ૧૦,૦૦૦ કરતાં વધુ સ્ટાર્ટ અપ્સ છે એમાંથી ૫,૦૦૦ કરતા વધારે ટેકનોલોજી સ્ટાર્ટ અપ્સ છે.

સીબીડીટીએ ટેક્સની નાબૂદી માટે જે નોટિફિકેશન ઈશ્યૂ કર્યું છે એ મુજબ જે સ્ટાર્ટ અપ ડીઆઈપીપી (ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રિયલ પોલિસી એન્ડ પ્રમોશન)ની શરતોનું પાલન કરશે એમને જ કરવેરાથી મુક્તિનો લાભ મળશે. સ્ટાર્ટ અપ્સે સરકાર તરફથી સ્ટાર્ટ અપ્સ તરીકેનું સર્ટિફિકેટ લેવું પડશે. આ ઉપરાંત અન્ય ત્રણ શરતો પણ છે. સ્ટાર્ટ અપ્સની સ્થાપના પાંચ વર્ષ અગાઉ થઈ હોવી જોઈએ. કોઈપણ નાણાકીય વર્ષમાં ટર્ન ઓવર રૂ. ૨૫ કરોડ કરતાં વધારે ન થયું હોવું જોઈએ. સ્ટાર્ટ અપ્સ એ ટેકનોલોજી અથવા ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટી દ્વારા ઈનોવેટિવ પ્રોડક્ટસ, પ્રોસેસિંગ અથવા સર્વિસિસ ઓફર કરવી જોઈએ. સ્ટાર્ટ અપ્સ કંપનીઓના સાહસિકોની રજૂઆત એવી છે કે જો સરકાર ખરેખર કરવેરામાંથી મુક્તિ આપીને સ્ટાર્ટ અપ્સને પ્રમોટ કરવા માગતી હોય તો સીધેસીધી કરમુક્તિની જાહેરાત કરવી જોઈએ. કરમુક્તિ માટે કોઈ શરતો રાખવાની જરૂર નથી. કારણ કે આ શરતો અવ્યવહારુ છે.